
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# મંત્રના નામે માત્ર ઉચ્ચારણ




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર
http://awgp.org

# મંત્રના નામે માત્ર ઉચ્ચારણ

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

મિત્રો ! હું મંત્રની શક્તિની વાત આપને કહી રહયો છું. જે મંત્ર પોતાના કલ્યાણ માટે, બીજાને વરદાન આપવા માટે, આશીર્વાદ આપવા માટે, ભગવાનને પ્રભાવિત કરવા માટે પ્રયોજાતો હોય તે મંત્ર એ વ્યક્તિની વાણીથી એટલો બળ સંપન્ન હોય, જે ભગવાનના કાને અથડાય શકે. ભગવાનને કહે કે આપ અમારી વાત સાંભળો, આપે સાંભળવી જોઇએ. એવો અવાજ જેની વાણીમાંથી નીકળતો હોય, એવા શબ્દ જેના મોંમાંથી નીકળતા હોય એ અવાજને મંત્ર કહે  છ અને બીજાને ? બીજાને ઉચ્ચારણ, પ્રોનન્સિયેશન કહે છે. આ હું અને તમે બોલીએ છીએ, લોકો જાતજાતની બોલીઓ બોલે છે, એ પ્રકારની બોલીઓ બોલીને આપ ભગવાનને ખાસ પ્રભાવિત કરી શકતા નથી. જો આપ એવું માનતા હો કે જે શબ્દો હું બોલું છું, જેને આપ મંત્ર કહો છો, એ શબ્દોના ઉચ્ચારણથી હું ભગવાનને પ્રભાવિત કરી શકીશ, તો એવું થઈ શકતું નથી. ભગવાન શબ્દો સાંભળીને. આપનો અવાજ સાંભળીને, આપની પ્રાર્થના સાંભળીને પ્રસન્ન થઈ જશે ? ખરેખર એવું નથી. આપ ખોટું સમજયા છો.

## ઠાકોર રામાયણ

મિત્રો ! આપનો એ ખ્યાલ હોય કે ભગવાનને શબ્દો પ્રત્યે ખાસ પ્રેમ છે, તો એ સમજી લો કે ભગવાનને શબ્દો સાથે કોઈ પ્રેમ નથી. જો ભગવાનજી એવા રહયા હોત તો પછી હું મારા ગામના ઠાકોર રામાયણ સાથે એમની મુલાકાત કરાવી દઉં. અમારા ગામમાં એક ઠાકોર સાહેબ રહેતા હતા. ગામનાં બધાં બાળકો એમને ઓળખતા હતા. તેઓ જયાં બેસતા ત્યાં જઈ બાળકો તેમને ઘેરી વળતાં અને કહેતાં કે કાકા ! પહેલાં બિલાડીની જેમ બોલીને સંભળાવો, નહિતર જવા નહિ દઈએ. સારું બેસી જાઓ, તોફાન ન કરતાં, પહેલાં ચલમ પી લઉં પછી સંભળાવીશ.

સારું સાહેબ, પી લો. કાકા ! હવે તો ચલમ પી લીધી, હવે તો સંભળાવો. પછી તેઓ મોં ઊચું કરીને મ્યાઉં... મ્યાઉં એમ બોલવા લાગતા હતા. બાળકો ખુશ થઈ જતા અને કહેતાં કે કાકા ! હવે કૂતરાની બોલી સંભળાવો. સારું, ચૂપ બેસજો. હવે કૂતરાની સંભળાવું છું. ભોં.... ભોં. હવે બકરીની બોલી સંભળાવો. સારું બકરીની સંભળાવું છું. મેં..મેં. બાળકો મજા પડી જતી અને અડધો કલાક પછી બાળકો ચાલ્યાં જતા અને કાકાજી પણ જતા રહેતા. આખા ગામમાં તેઓ પ્રખ્યાત હતા. આ કાકાજી કોણ હતા અને શું બોલતા હતા ? તેઓ કૂતરાની બોલી બોલતા હતા, બિલાડીની બોલી બોલતા હતા, ગધેડાની બોલી બોલતા હતા, ઘોડાની બોલી બોલતા હતા. ભેંસની બોલી બોલતા હતા. તેઓ બધાં જાનવરોની બોલી બોલતા હતા.

### ક્રિયાકલાપ મહત્વપૂર્ણ નથી

મિત્રો ! હું આપને કોની વાત કહી રહ્યો છું ? ઠાકોરની વાત કરી રહ્યો છું. તો અમને શું કામ કહી રહ્યા છો ? એટલા માટે કે આપ પણ ઠાકોર જેવા છો અને જાતજાતની બોલીઓ, જાતજાતના શ્લોક, જાતજાતના મંત્ર, જાતજાતની પ્રાર્થનાઓ, જાતજાતની પૂજા કરીને ભગવાનને પ્રસન્ન કરવા માગો છો. એ ભગવાનને પ્રસન્ન કરવા માગો છો, જે આપના ઈમાનની વાત સાંભળવા માગે છે, જે આપની અંદર વસવા માગે છે, જે આપના કાર્યોને ખાસ મહત્વ આપતા નથી કે આપ શું કરો છો અને શું નથી કરતા. આપ કઈ ચીજનો ઉપયોગ કરો છો અને કઈ ચીજનો નથી કરતા. આપ તો ભગવાનને વસ્તુઓથી ફોસલાવવા માગો છો. આપ વસ્તુઓ બતાવીને બાળકોને ફોસલાવી શકો છો, ભગવાનને ફોસલાવી શકતા નથી. ના સાહેબ ! અમે રુદ્રાક્ષની માળાથી જપ કરીશું તો ભગવાન પ્રસન્ન થઈ જશે. તો બેટા, શું ભગવાનને રુદ્રાક્ષની માળા પ્રત્યે આકર્ષણ હોઈ શકે ? હા સાહેબ ! ભગવાન તો એવા છે, જે રુદ્રાક્ષની માળા જોઈને ફૂલીને ફાળકો થઈ જાય છે. અચ્છા ! એવી વાત છે ? ઇંદિરા ગાંધીને નેપાળમાં કોઈ બાબાજીએ રુદ્રાક્ષની માળા આપી હતી. તો તેઓ પ્રધાનમંત્રી બની ગયાં, તો આપની શું ઇચ્છા છે ? અમને પણ ક્યાંકથી એવો જ રુદ્રાક્ષ મળી જાય તો અમે પણ ભલે પ્રધાનમંત્રી નહિ, પણ મુખ્યમંત્રી તો થઈ ગયા હતો.

એક સજ્જન એવા જ હતા. તેમની પાસે એક અસલી રુદ્રાક્ષ માળા હતી. ક્યાંકથી તેમના પિતાજી લાવ્યા હતા અને નોકરીમાં લાગી ગયા હતા. તેમણે કહ્યું કે ગુરુજી ! હવે આ માળા નકામી પડી છે અને હું નથી ઇચ્છતો કે તે ગમે ત્યાં પડી રહે. એને આપ લઈ લો. સારું તો આપી જા. આપ મારે ત્યાં આવો, હું આપી દઈશ. મેં મારી પૂજામાં તે રાખી લીધી અને ભજન કરવા લાગ્યો.

ક્યારેક બીજી કોઈ વ્યક્તિ આવી જતી અને રુદ્રાક્ષની જ વાત કરતી. તેનો મતલબ કદાચ એવો હતો કે મારી પૂજાની રૂમમાં જે રુદ્રાક્ષની માળા રાખી છે તે જો મને મળી જાય, તો મારું ભલું થઈ જાય. માળા ન મળે, તો તેનો એક મણકો પણ મળી જાય. તેનું એવું માનવું હતું કે ગુરુજીને જે સિદ્ધિઓ મળી છે તે રુદ્રાક્ષના કારણે મળી છે. તેનો એ વહેમ રુદ્રાક્ષના મણકા માટે હતો. માણસ બહારથી જુએ છે કે ગુરુજી મહાત્મા કેવી રીતે બની ગયા.

તેઓ કેવી રીતે વાળ ઉભા રાખે છે ? આપ શું કરવા માગો છો ? અમે પણ વાળ ઉભા રાખીશું. તો શું થઈ જશે ? આચાર્યજી બની જઈશું. એ તો બહુ સસ્તું છે. આનાથી સારો ઉપાય બીજો કયો હોઈ શકે ? લોકો હલકા પ્રકારની નકલ કરે છે. તારે રુદ્રાક્ષની માળા જોઇએ, તો આ લઈ જા. બેટા, મારી લઈ જા.

ના ગુરુજી ! આપની નહિ લઉં. તેનાથી આપના હાથમાંથી સિદ્ધિ ચાલી જશે અને પછી આપ ખાલી હાથ રહી જશો. બેટા, હું અને તું તો એક જ છીએ, પછી મારા ચમત્કાર ક્યાં જશે ? મારી પાસેથી તારી પાસે ચાલ્યા જશે. જ્યારે ચમત્કારની જરૂર પડશે તો હું માગી લઈશ. તું મારી માળા પણ લઈ જા અને ચમત્કાર પણ લઈ જા, બંને ચીજો લઈ જા. ઘરમાં રાખી મૂકજે. મારે કોઈ જરૂર પડશે કે મુશ્કેલી આવી જશે, તો માળા મંગાવી લઈશ અથવા તારી પાસે ચમત્કાર હશે એ મંગાવી લઈશ.

અત્યારે તું લઈ જા. ના ગુરુજી ! મારો મતલબ એવો નહોતો. બેટા ! તારો મતલબ તો એવો નથી, પણ મારો છે કારણ કે તારી દાનત અહીં રુદ્રાક્ષની પાસે પડી રહેશે. એટલે તું મારા કહેવાથી આ લઈ જા. મેં તેને રુદ્રાક્ષની માળા આપી દીધી.

સામગ્રી – કર્મકાંડનું કોઈ મહ્ત્વ નથી.

એવી જ રીતે એક માણસ મને દક્ષિણાવર્તી શંખ આપી ગયો. દક્ષિણાવર્તી શંખ જમણી બાજુના મુખવાળો હોય છે. બધા શંખ તો ડાબી બાજુના મોંવાળા હોય છે પણ કોઈક કોઈકનું મોં જમણી બાજુનું હોય છે. આ પ્રકાર શંખ સેશેલ્સમાં જોવા મળે છે. સેશેલ્સ ક્યાં આવેલું છે ? સેશેલ્સ ફ્રાંસનો એક ટાપુ છે. જ્યારે આપણે દોરેસલામથી કરાંચી તરફ અરબી સમુદ્રમાં થઈને જઈએ છીએ, ત્યાં એક ફ્રેંચ ટાપુ મળે છે – સેશેલ્સ. તે પહેલાં ફ્રાંસમાં હતો. અત્યારે બે વર્ષ પહેલાં આઝાદ થઈ ગયો છે ત્યાં એ જોવા મળે છે. નારિયેળ પણ જોવા મળે છે અને વેચાય પણ છે. જ્યારે ત્યાં જહાજ રોકાયું હતું તો લોકોએ કહ્યું હતું કે જો આપને દક્ષિણાવર્તી શંખ જોઇતો હોય, તો લઈ આવો. અહીં મળી જાય છે. મેં કહ્યું કે મને એમાં કોઈ ઇન્ટરેસ્ટ નથી. દક્ષિણાવર્તી શંખનું શું કરું ?

રાજસ્થાનમાં અલવર નામનું એક રાજય છે. ત્યાંના એક રાજા સાહેબ અવારનવાર મારી પાસે આવતા રહેતા. તેઓ જ્યારે આવતા ત્યારે કહેતા કે દક્ષિણાવર્તી શંખ ખૂબ ચમત્કારિક હોય છે. જો તે મળી જાય તો બહુ ફાયદો થાય છે. તેઓ વારંવાર એવું જ કહેતા કે આપ ક્યાંકથી એક દક્ષિણાવર્તી શંખ મંગાવી દો તો બહુ સારું. પહેલાં તો મને કાંઈ સમજાતું નહિ, પણ પછીથી ખ્યાલ આવ્યો કે એક શંખ, તો મારી પાસે જ પડેલો છે, એટલે જ કદાચ આવું કહે છે. ક્યારેક તેઓ કહેતા કે ગુરુજી ! આપે ક્યાંય દક્ષિણાવર્તી શંખની શોધ કરાવી ?

બેટા, એનાથી શું ફાયદો છે ? તેનાથી લક્ષ્મી આવે છે. ગુરુજી ! એવો શંખ જયાં રહેશે ત્યાં લક્ષ્મી આવી જશે. અચ્છા ! લક્ષ્મી આવી જશે ? તો પછી જોઈ લઈશું. પછી મેં કહ્યું કે એક શંખ તો મારી પાસે પણ પડયો છે. તે લઈ જાઓ. એ અસલી દક્ષિણાવર્તી શંખ છે. ના ગુરુજી ! તે તો આપ જ રાખો. ના બેટા, તું એ લઈ જા. તો પછી ગુરુજી ! આપની લક્ષ્મી ચાલી જશે. તો જતી રહેવા દે. લક્ષ્મી તો એવી શરમ વિનાની છે કે તેને મારો તો દોડીને પાછી આવે છે અને તેની ખુશામત કરો તો તે ગાળો દે છે અને નખરાં કરે છે. તેને તો ભગાડવી જ છે. બાબાજી પાસે લક્ષ્મી રહેશે તો બાબાજીને હેરાન કરશે. તું આ લઈ જા. મેં એ શંખ તેમને આપી દીધો.

એક વર્ષ પછી રાજા સાહેબ ફરીથી આવ્યા. મેં કહ્યું, કેમ ભાઈ ! તમે કહી રહ્યા તા કે અઢી લાખ રૂપિયાનું કરજ આપવાનું રહી ગયું હતું, તો હવે તો એ દક્ષિણાવર્તી શંખે ચૂકવી દીધું હશે ને ! ના ગુરુજી ! એ નથી ચૂકવ્યું. તો પછી વ્યાજ તો ચૂકવી જ દીધું હશે ? ના, ના ગુરુજી ! વ્યાજ પણ નથી ચૂકવ્યું. ધત્ તેરે કી... તો પછી તમે એ નકામો લઈ ગયા. ના ગુરુજી ! આપનો શંખ પાછો આપી દઈશ. મેં કહ્યું કે ના, તું એ રાખી મૂક.

### અધ્યાત્મ જાદુગરી નથી

મિત્રો ! આવી વાતો સાંભળીને મને બહુ દુઃખ થાય છે કે લોકો અધ્યાત્મને મેજિક સમજે છે, જાદુગરી સમજે છે. જાદુગરીનો અર્થ થાય છે – ક્રિયાકૃત્ય. ક્રિયાકૃત્યોના માધ્યમથી, અવાજના માધ્યમથી, જીભના ટેરવાના માધ્યમથી, બોલાયેલા શબ્દોના માધ્યમથી લોકો ચમત્કાર બતાવવા માગે છે. બેટા, એ બાજીગરી છે. જાદુગરને પોતાનું વ્યક્તિત્વ બનાવવાની કોઈ જરૂર નથી પડતી. તેને બસ શબ્દોની ઊલટાસૂલટી આવડવી જોઇએ અને હાથની કરામત આવડવી જોઇએ. આપને પણ હાથની કરામત આવડે છે. નમસ્કાર કરતાં આવડે છે, મુદ્રાઓ કરતાં આવડે છે, હાથ જોડતા આવડે છે. આ શંખમુદ્રા છે, આ અમુક મુદ્રા છે, આ તમુક મુદ્રા છે. જો આપને માત્ર હાથપગ ચલાવતા આવડતું હોય, તો આપના માટે અધ્યાત્મ જાદુગરી છે. જો અધ્યાત્મ જાદુગરી નથી તો ? તો પછી આપે આપનું વ્યક્તિત્વ વિકસિત કરવું પડશે.

મિત્રો ! વાણી દ્વારા મંત્ર બોલવામાં આવે છે. તેને આપે અનુશાસિત કરવી જોઇએ. વાણી શું છે ? વાણી સરસ્વતી છે. બીજાં દેવીદેવતા ક્યાં રહે છે એ તો હું પછી ક્યારેક બતાવીશ. આજે તો હું આપને એ બતાવું છું કે સરસ્વતીનું વચન ક્યારેય મિથ્યા થઈ શકતું નથી. સરસ્વતી એ છે, જેના શબ્દો સાર્થક થઈને રહે છે. એ દેવી કહેવાય છે, વાણી કહેવાય છે, સરસ્વતી જ્ઞાનની દેવી છે. સરસ્વતી જીભમાં રહે છે. ના સાહેબ ! જીભ તો માંસની છે. હા બેટા, છે તો માંસની, પરંતુ જો આપ ઉપાસના કરો તો આપની જીભમાં સાક્ષાત્ સરસ્વતી આવી જશે. જો અમે કોઈ ઉપાસના ન કરીએ તો ? આપ ફક્ત બે ઉપાસના કરો.

હું આપને વચન આપું છું કે આપની જીભમાં સરસ્વતી ઉત્પન્ન થઈ જશે અને આપના વચન મંત્ર થઈ જશે. પરંતુ ક્યારે ? જો આ બે રીતે જીભની ઉપાસના કરો ત્યારે. કેવી રીતે ? એક ઉપાસના બાબત કાલે હું આપને કહી રહયો હતો કે આહારની બાબતમાં આપે ધ્યાન રાખવું જોઇએ. આહારની બનાવટની બાબતમાં નહિ, પરંતુ આહારના 'બેઝ' ની બાબતમાં ધ્યાન આપવું જોઇએ.

### ખાણીપીણી રહેણીકરણી મહત્વપૂર્ણ

મિત્રો ! ખાવું એ ફકત મોંની અંદર ખાદ્યપદાર્થ નાંખવામાં આવે છે એટલા પૂરતું સીમિત નથી. ખાવાનો મતલબ એ બધી જ ચીજવસ્તુઓ સાથે છે, જે આપણા જીવન માટે કામ આવે છે. તેમાં એ ખાદ્ય પદાર્થોનો સમાવેશ પણ થાય છે, જેને આપણે અન્ન કહીએ છીએ. અનાજ સિવાયની બીજી વસ્તુઓ પણ અન્ન છે. જેમ કે હવા, પાણી, પહેરવેશ આ બધું પણ અન્ન છે, જે આપણા શરીરના ગુજારા માટે કામ આવે છે, જે આપણા શરીરનું અને જીવન ક્રમનું નિર્માણ કરે છે. એનાથી આપણું જીવન તૈયાર થાય છે. તેનાથી આપણું આખે આખું કલેવર તૈયાર થાય છે. આ વસ્તુઓથી આપણું વ્યક્તિત્વ તૈયાર થાય છે. આપણે જે ખાઈએ છીએ તેનાથી લોહી બને છે. લોહીમાંથી માંસ બને છે. માંસથી હાડકાં બને છે. તેનાથી અમુક વસ્તુઓ બને છે અને તેનાથી બની જાય છે – આપણું મન. આપણું મન શું છે ? અરે ભાઈ ! ખાદ્ય પદાર્થ છે – બીજું શું છે ? આપણે શું કરવું જોઇએ ? વાણીને શુદ્ધ કરવા માટે આપણો આહાર એવો હોવો જોઇએ, જેમાં પૂર્ણ પણે સાત્વિકતાનો સમાવેશ હોય.

મિત્રો ! કાલે હું આપણે ખાનપાન વિશે કહી રહયો હતો, સાત્વિકતા બાબતે કહી રહયો હતો કે આપણો આહાર તમોગુણી ન હોવો જોઇએ. માંસાહાર અને નશાબાજી જેવી ચીજો આપણો આહાર ન હોવી જોઇએ. તેનાથી આગળની એક મોટી વાત પણ મેં કહી હતી કે આપ આપની થાળીનું નિરીક્ષણ કરી શકો છો. જે પોતાથી થાળીનું નિરીક્ષણ ન કરી શકતા હોય તે બીજી કોઈ ચીજો પણ ખાઈ શકે છે. આથી આપ એવી જ ચીજોની પસંદગી કરો, જે આપના સાધક જીવનને બનાવવામાં સહાયક થાય છે.

આપે એ જોવાનું છે કે જે ચીજોથી આપનું ગુજરાન ચાલે છે તે ક્યાંક પાપની કમાણી તો નથી ને ? પાપની કમાણીથી જો આપ ગુજરાન ચલાવતા હોય, તો આપનું સમગ્ર વ્યક્તિત્વ, જેમાં આપની જીભનો પણ સમાવેશ છે તે શુદ્ધ થઈ શકતું નથી. જો જીભ શુદ્ધ નહિ થાય, તો મંત્રોના જે ચમત્કાર બતાવવામાં આવ્યા છે, રામનામનું જે માહાત્મ્ય બતાવવામાં આવ્યું છે, ગાયત્રી મંત્રની જે ગરિમા બતાવવામાં આવી છે તેનો આપ લાભ ઉઠાવી શકશો નહિ.

### જીવનમાં સાત્ત્વિકતાનો સમાવેશ

મિત્રો ! જીભથી મારો મતલબ ફકત ખાદ્યપદાર્થો સાથે નથી. જીભથી મતલબ આપણા ગુજરાનના માધ્યમો સાથે પણ છે. તેમાં પ્રામાણિકતાનું મિશ્રણ હોવું જોઇએ. જો એ ન હોય અને આપ અપ્રામાણિકતાની કમાણી પર જીવતા હો, તો આપનો આહાર, જેના દ્વારા માંસ બન્યું છે, લોહી બન્યું છે, જેના આધારે આપનું હૃદય બનેલું છે, જેમાં આપ ભગવાનનો સાક્ષાત્કાર કરવા માગો છો એ મસ્તિષ્ક બનેલું છે, જેના દ્વારા આપ ધ્યાન કરવા માગો છો, જે મનને આપ સ્થિર કરવા માગો છો તે મન સ્થિર થઈ શકતું નથી. શા માટે ? કારણ કે આપનું મન જે વસ્તુઓથી બનેલું છે એ વસ્તુઓ સાત્ત્વિક નથી.

જો આપ સાત્ત્વિક  વસ્તુઓથી મન બનાવશો, તો તે મન સ્થિર થઈ જશે. ગુરુજી ! મનને સ્થિર કરવાની રીત બતાવી દો. બેટા ! બીજી કોઈ પણ રીત નથી. દુનિયામાં ફકત એક જ રીતે છે કે આપના જીવનમાં વધુમાં વધુ સાત્ત્વિકતાનો સમાવેશ થતો જશે, તો કોઈ પણ પ્રકારના પ્રયત્ન વિના, કોઈ મહેનત વિના, કોઈ દબાણ વિના, કોઈ યોગાભ્યાસ વિના આપનું મન ભગવાનના ચરણોમાં લીન થતું જશે. એવું લીન થતું જ શે કે હઠાવવા છતાં પણ હઠશે નહિ.

### મૌન : એક પ્રકારનું તપ

મિત્રો ! હમણાં હું આહારની વાત, જીભની વાત કરી રહ્યો હતો. એ એટલા માટે કહી રહ્યો હતો કે આપે બોલવાની બાબતમાં સાવચેતી રાખવી જોઇએ કારણ કે જીભ દ્વારા આપણી ઘણીબધી શક્તિ વેડફાય છે.

જેવી રીતે આપણે એકાગ્રતામાં, સમાધિમાં ભાગ લઈએ છીએ તેવી રીતે જીભનો પણ સંયમ છે. તેનો આપણે મૌન દ્વારા અભ્યાસ કરીએ છીએ.

અત્યારે આપને બે કલાકનું મૌન બતાવવામાં આવ્યું હશે. ન બતાવવામાં આવ્યું હોય તો હવે હું બતાવી દઉં છું કે આપે દરરોજ સવારે બે કલાક મૌન રહેવું જોઇએ. ગાંધીજી અઠવાડિયામાં એક દિવસ મૌન રાખતા હતા. તેમને મળવા આવનારાઓની ભીડ જામી રહેતી હતી. એમને ખૂબ જરૂરી કામ કરવા પડતાં હતા છતાં તેઓ મૌન રહેતા હતા. મૌન રહેવાથી તેમની શક્તિઓ બચી જતી હતી.

આપે પણ આપની વાણીની, સરસ્વતીની શક્તિની બચત કરવા માટે બિનજરૂરી વાતચીતથી દૂર રહેવું જોઇએ. બિનજરૂરી વાતો ન કરો. નકામી લપલપ, અહીં-તહીંની વાતો ન કરો. ગપ્પાં ના મારો. એમાં આપની શક્તિનો ક્ષીણ થાય છે અને આપે મંત્ર માટે જે સામર્થ્ય સંચિત કરવું જોઇએ તેમાં ઓટ આવે છે. આપ ઓછું બોલો. જરૂર પૂરતું જ બોલો. મહત્વનું હોય એવું જ બોલો. વિચારપૂર્વક બોલો. આ પણ એક પ્રકારનું મૌન છે.

## વાણી : પરમ શક્તિશાળી

ગુરુજી ! મૌનથી શું ફાયદો થશે ? બેટા, આપને ખબર નથી કે બોલવામાં માણસની કેટલી શક્તિ ખર્ચાય છે ? જે શક્તિ આપની આધ્યાત્મિક ઉન્નતિ માટે આવશ્યક છે તે એનાથી કેટલી બધી ખર્ચાય જાય છે ? સારું, આપે કોઈ મરતા માણસને જોયો છે ? હા સાહેબ ! જોયો ને ! મરનારની આંખો ખુલ્લી રહે છે, હાલ ચાલતા રહે છે, પરંતુ શું બંધ રહે છે ? માણસનો અવાજ બંધ રહે છે. બોલવાનું પહેલાં જ બંધ થઈ જાય છે. આંખો કામ કરતી રહે છે.

આંખોમાંથી પાણી નીકળતું રહે છે. આંસુ આવતા રહે છે. કોઈ બહારની વ્યક્તિ આવી ગઈ, તો આંસુ પણ આવી જાય છે. માથું પણ હાલે છે, પરંતુ જીભ ચાલતી નથી. શાથી ? આપ જાણતા નથી કે જીભથી બોલવા માટે કેટલા બધા સ્નાયુઓનો ઉપયોગ કરવો પડે છે.

આપણા મોંમાંથી જ્યારે શબ્દ નીકળે છે તો આપણા પ્રાચીનકાળના ઋષિઓ અનુસાર એકસો આઠ સ્નાયુઓનો એમાં ઉપયોગ થાય છે. એક પણ ભાગ, એક પણ તંત્ર આમાંથી બગડી જાય, તો આપણી વાણી બંધ થઈ જાય છે, બેહોશ થઈ જાય છે, મૌન બની જાય છે. વાણી હંમેશને માટે કામ કરવાનું પણ બંધ કરી દે છે.

## મારી વાણી જબરદસ્ત શાથી છે ?

મિત્રો ! વાણીમાં ખૂબ જ શક્તિ હોય છે. જે વાણીને હું સરસ્વતી કહું છું તેમાં શક્તિ હોય છે. આપે એ સરસ્વતીમાં તીવ્રતા ઉત્પન્ન કરવી જોઇએ, એ સરસ્વતીમાં મંત્રશક્તિ ઉત્પન્ન કરવી જોઇએ જે સરસ્વતીના માધ્યમથી આપે જપ કરવાના છે તેના માટે શું કરવું પડશે ?

સરસ્વતી દ્વારા જીભથી જપ કરવા માટે આપે આપની વાણીને મૌનનો અભ્યાસ કરાવવો જોઇએ. ઓછું બોલવું જોઇએ. જરૂર કરતાં વધારે ન બોલો. નકામી વાતો ન કર્યા કરો. એ પણ એક મૌન છે – બે કલાકનું. મારે પણ મૌન રહેવું પડે છે.

મારા ગુરુદેવ જ્યારે એક વર્ષ માટે હિમાલય બોલાવે છે ત્યારે મારે પણ મૌન રહેવું પડે છે. મને એવી જગ્યાએ મૂકી દે છે, જયાં મારા સિવાય બીજું કોઈ જ હોતું નથી. મારી જાત સાથે વાત કરવી હોય તો મારી મરજી. વાસ્તવમાં વાત કરવા માટે ત્યાં બીજું કોઈ હોતું નથી, કોઈ જાનવર પણ નથી હોતું. જ્યારે હું વાણીને વિશ્રામ આપીને આવું છું ત્યારે મારી વાણી સામર્થ્યવાન બની જાય છે, તાકાતવાન બની જાય છે, જબરદસ્ત બની જાય છે.

એટલા માટે હું મારી વાણીને બંધ રાખું છું. કેટલો સમય વાત કરો છો ? મેં એવો નિયમ રાખ્યો છે કે જ્યારે કોઈક મને મળવા માટે આવે છે, તો મેં અમને મળવા માટે સીમિત સમય નક્કી કરી રાખ્યો છે. બાકીનો સમય શું કરો છો ? બાકીનો સમય મૌન રહું છું. વધુમાં વધું કેટલો સમય લોકો સાથે વાત કરી શકો ? લોકો સાથે હું છ કલાકથી વધારે વાત કરી શકતો નથી. એવું શું કામ કરો છો ? વાણીની શક્તિને સંચિત કરવા માટે એવું કરું છું.

## શબ્દોની પાછળ નૈતિકતા

મિત્રો ! વાણીનો સંયમ, જેમાં બિનજરૂરી શબ્દોના ઉચ્ચારણનો પણ સમાવેશ છે, બિનજરૂરી ચીજવસ્તુઓ ખાવાનો પણ સમાવેશ છે અને એક બીજી વાતનો પણ સમાવેશ છે – જેવી રીતે અન્નની પાછળ નૈતિકતા જોડાયેલી રહેવી જોઇએ, તેવી રીતે શબ્દોની પાછળ પણ નૈતિકતા જોડાયેલી રહેવી જોઇએ. આપણા શબ્દો બીજાને ગુમરાહ કરનારા ન હોવા જોઇએ.

બીજાને ખોટી સલાહ આપનારા ન હોવા જોઇએ. બીજાને ખોટું આશ્વાસન આપનારા ન હોવા જોઇએ, બીજાની હિંમત ઓછી કરનારા ન હોવા જોઇએ. આપણે સત્ય બોલવું જોઇએ. આ બધી વાતોનો સમાવેશ સત્યમાં થાય છે. ના સાહેબ ! અમે તો બહુ સત્ય બોલીએ છીએ, પણ અમારાથી બધા લોકો નારાજ રહે છે. ભાઈ સાહેબ ! જે જોયું - સાંભળ્યું હોય એ કહી દેવું એનો જ સત્યમાં સમાવેશ નથી થતો. એમાં બીજી એક વાતનો પણ સમાવેશ થાય છે. સત્યનો વ્યાપ બહુ મોટો છે. જે જોયું કે સાંભળ્યું હોય એમાં તો હું આપને છૂટ આપી શકું છું.

જો આપ સી.આઈ.ડી.માં હો, તો આપને એ વાત માટે પૂરેપુરી છૂટ છે. તેનાથી આપની સત્યવાદિતામાં કોઈ ફરક નહિ પડે. આપ ડાકુનો પત્તો મેળવવા જાઓ, ચોરની ભાળ મેળવવા જાઓ અને આપ આપનું નામ બદલી લો તથા કોઈ મોટી વાત કહીને ખબર લઈ આવો, તો આપ જુઠ્ઠા નથી. એમાં આપ સત્યનું પાલન કરી રહ્યાં છો.

### જીભને કુસંસ્કારી ન બનાવો.

સત્ય મોટી ચીજ છે. સત્યનો સમાવેશ ત્યાં પણ થાય છે, જયાં બીજા સાથે પ્રેમ જોડાયેલો હોય છે. જે શબ્દ કહેવામાં આવે છે તેમાં વ્યક્તિનો અહંકાર જોડાયેલો ન હોવો જોઇએ. મોટે ભાગે વાણીમાં માણસનો અહંકાર ભળેલો હોય છે. એનાથી વચન એટલા કડવા થઈ જાય છે, ભારે થઈ જાય છે કે બીજા માણસ માટે તે સહન કરવાનું મુશ્કેલ બની જાય છે.

આપનાં વચન જ્યારે એટમબોમ્બ બનાવવામાં કામ આવે છે ત્યારે તે “હેવી વોટર” જેવા ભારે થઈ જાય છે. તે બીજાને સહન કરવા મુશ્કેલ બની જાય છે.

ક્યારે ? જ્યારે તેમાં અહંકાર જોડાયેલો હોય છે અને બીજાનો તિરસ્કાર જોડાયેલો હોય છે. આપ નમ્રતાથી વાત નથી કરી શકતા ? આપ બીજાના સન્માનનું રક્ષણ કરીને વાત નથી કરી શકતા ? ના સાહેબ ? અમે નારાજ છીએ અને પોલીસવાળા છીએ. અમે તો ગાળો દઈશું. ભાઈસાહેબ ! ગાળો દઈને આપ આપની જીભને ગંદી શું કામ કરો છો ? જો આપ આપની જીભને આ રીતે કુસંસ્કારી બનાવતા જશો, સંસ્કારહીન બનાવતા જશો, તો આપ આધ્યાત્મિકતાનો ઉદ્દેશ્ય પૂરો કરી શકશો નહિ.

અધ્યાત્મ એટલું નાનું નથી, જેટલું આપે સમજી રાખ્યું છે કે પલાંઠી વાળીને કોઈ બાજઠ પાસે બસી જાઓ છો અને જે થોડુંઘણું ક્રિયાકૃત્ય થાય એ પૂરું કરી લો છો. માળા ફેરવી લેવી, કોઈ મંત્ર કે શ્લોકનું ઉચ્ચારણ કરી દેવું, અગરબત્તી પ્રગટાવી દેવી, અક્ષતપુષ્પ ચડાવી દેવા જેવાં ક્રિયાકૃત્યોને આપ અધ્યાત્મ માનો છો અને એવું વિચારો છો કે આટલું માત્ર કરી દેવાથી અમને એ આનંદ મળી જશે, એ લાભ મળી જશે, જે આધ્યાત્મિકતાના પરિણામ રૂપે બતાવવામાં આવ્યો છે, રામનામના જપના બતાવવામાં આવ્યા છે, તો આપ ભૂલ કરો છો.

આપે તો આધ્યાત્મિકતાને મેજિક માની લીધી છે. એમ સમજી લીધું છે કે શબ્દોનું ઉચ્ચારણ અને થોડાક ક્રિયાકલાપોની હેરફેર કરવાથી એ લાભ મળી જાય છે, જે સંતોને મળવા જોઇએ, ઋષિઓને મળવા જોઇએ, શ્રેષ્ઠ વ્યક્તિઓને મળવા જોઇએ. આપે આ બહુ મોટી ભૂલ કરી નાંખી. આધ્યાત્મિકતા તો જીવન જીવવાની એક કલા છે. વ્યક્તિ નિર્માણ કરવાની રીત છે, એક ફિલોસોફી છે અને એક સાયન્સ છે.

### આત્માનુશાસન જરૂરી

મિત્રો ! આ ચાંદ્રાયણ વ્રતના ક્રમાં હું આપને નિવેદન કરી રહ્યો હતો કે આપે આપના ઉપર અનુશાસન લાદવું જોઇએ. આ અનુશાસનમાં પહેલો ક્રમ એ હતો કે આપ આપની જિહ્વા અને વાણીને પવિત્ર કરો. જિહ્વા અને વાણી બે છે.

જિહ્વા જે ખાવાના કામમાં આવે છે, જેને 'રસના' કહે છે અને બીજી છે વાણી, જે ઉચ્ચારણ કરવાના કામમાં આવે છે. કહેવા માટે તો બંને એક છે, પણ અસલમાં બે છે. એક જ્ઞાનેન્દ્રિય છે અને એક કર્મેન્દ્રિય છે. જીભ આપણી કર્મેન્દ્રિય છે, જે ખાવાના કામમાં આવે છે, રોટલી ચાવવામાં અને ખાવાનું પચાવવામાં કામ આવે છે.

બીજી વાણી-એ શક્તિ છે. બોલવા માટે કામ આવે છે. બોલવાની શક્તિ, જેમાં પ્રેમ જોડાયેલો રહેવો જોઇએ, સચ્ચાઈ જોડાયેલી રહેવી જોઇએ, સદ્ભાવના જોડાયેલી રહેવી જોઇએ. બીજાનું હિત જોડાયેલું રહેવું જોઇએ, બીજાનું સાચું માર્ગદર્શન જોડાયેલું રહેવું જોઇએ. અને બીજાનું સન્માન જોડાયેલું રહેવું જોઇએ. એમાં આપનો અહંકાર નહિ, પણ વિનમ્રતા, સજ્જનતા અને શરાફત જોડાયેલા રહેવાં જોઇએ. જો આપ આ બધી ચીજોને જોડીને રાખો, તો હું આપને વચન આપું છું કે એ સફળ અને સાર્થક થશે. તેનાથી જે ચમત્કાર મળવા જોઇએ તે આપને જરૂર મળી જશે. જીભને સાચી ન બનાવી હોય, તો ભાઈસાહેબ ! હું આપને કઈ ન કહી શકું.

### જપની સફળતાનું મૂળ

મિત્રો ! એકવાર ફરીથી હું આપને કહું છું કે જપ કરો તે સારી વાત છે. અનુષ્ઠાન કરો તો બહુ સારી વાત છે. પૂજા કરો, ધ્યાન કરો તો વધારે સારી વાત છે, પરંતુ સૌથી સારી વાત એ છે કે આપ આપની જીવને એવી અનુશાસિત બનાવો, જેના દ્વારા નીકળેલાં વચન મંત્ર થતાં જાય અને તે એવા હોય, જે ભગવાનની અક્કલને ઠેકાણે લાવવામાં સમર્થ બની શકે, આપને સફળતા અપાવવામાં સમર્થ બની શકે અને સમગ્ર વાતાવરણને, વાયુમંડલને પવિત્ર કરવામાં સમર્થ બની શકે.

એવું કામ જો આપ કરી લો, તો અનુષ્ઠાનનું પહેલું ચરણ પૂરું થઈ જશે. અનુષ્ઠાનમાં આ પ્રકારના પ્રતિબંધ લગાવવામાં આવે છે, જેમ કે મેં જીભ પર પ્રતિબંધ લગાવવા માટે કહ્યું છે. બીજા પ્રતિબંધોની વાત, જેને યોગાભ્યાસ અથવા તપશ્ચર્યા કહેવાય છે તે હું આપને ક્રમશઃ આ અનુષ્ઠાન દરમિયાન બતાવીશ. આજની વાત સમાપ્ત : ॐ શાંતિ :

## અનેક સમસ્યાઓનું સમાધાન -અધ્યાત્મ

અધ્યાત્મ એ કોઈ જાદુગરી નથી, પરંતુ વ્યક્તિ તથા સમાજને પ્રભાવિત તથા સુવ્યવસ્થિત કરનારી એક પ્રક્રિયા છે. તેમાં મુખ્યત્વે ચિંતન, ચરિત્ર અને વ્યવહારને ઉત્કૃષ્ટ બનાવવા પડે છે. તેથી તેને વ્યક્તિવિજ્ઞાન, સમાજવિજ્ઞાન તથા નીતિશાસ્ત્ર પણ કહી શકાય. આ હકીકતને લોકોના મનમાં ઉતારવાથી એમાં સફળતા મળે છે. અધ્યાત્મ માત્ર થોડાક જિજ્ઞાસાઓના દાર્શનિક પ્રતિપાદનનો વિષય થી. કેટલાક ભાવુક લોકો તેને કથા, પુરાણ કે સત્સંગ પ્રવચનની જેમ સાંભળે છે અને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખે છે. ધાર્મિક કર્મકાંડોના માધ્યમથી આચારવિચારમાં ભાવનાનો સમન્વય કરીને તેમને હૃદયંગમ કરવી પડે છે.

પૂજાપાઠની પ્રક્રિયામાં મહાનતાના લક્ષ્યને નજર સામે રાખીને પાત્રતાને વિકાસ કરવા માટે ધૂપ,દીપ, અક્ષત, પુષ્પ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. સર્વતોમુખી ઉત્કૃષ્ટતાની વિભૂતિઓ તથા અતીન્દ્રિય ક્ષમતા કહેવાતી રિદ્ધિસિદ્ધિઓ આપોઆપ જ મળતી જાય છે અને અનેક લોકોનું ભલું કરે છે.

ઈશ્વરને પ્રશંસા તથા ભેટસોગાદોથી ફોસલાવી શકાતો નથી કે પોતાની મનોકામનાઓની પૂર્તિ પણ થઈ શકતી નથી. આપણા બદલે ભગવાન કામ પૂરું કરી દેશે અથવા તો તેમનું નામ જપવાથી દુષ્કર્મોના ફળમાંથી છુટકારો મળી જશે એવી માન્યતા સાવ ખોટી છે. પ્રાયશ્ચિત દ્વારા જ કર્મોના પરિણામમાંથી છૂટી શકાય છે. સમાજને જે નુકસાન પહોંચાડયું છે તેની પૂર્તિ કરવી પડે છે. જો એક બાજુ દુષ્કર્મ કરતા રહીએ અને બીજી બાજુ પૂજાપાઠ પણ કરતા રહીએ, ત સ્થિતિ હાસ્યાસ્પદ બની જાય છે.

આત્મિક પ્રગતિ માટે બે મુખ્ય સાધન છે – એક તપ, જેને સંયમ કહે છે. તે આ પ્રત્યક્ષ જીવનમાં કરવું પડે છે. બીજું, સાધના યોગ, તેનું તાત્પર્ય છે સદ્ગુણોના સમુચ્ચય એવા પરમાત્મા સાથે પોતાને સંપૂર્ણ રીતે જોડી દેવો. મનને દોષદુર્ગુણોમાંથી મૂકત કરીને મહાનતાના ઉદાર આદર્શો સાથે પોતાના વિચારો તથા ભાવનાઓને જોડી દેવાં. તપશ્ચર્યાથી બાહ્ય જીવનની શુદ્ધિ થાય છે અને યોગ દ્વારા અંતરની ઉત્કૃષ્ટતાને

ચરમ સીમાએ પહોંચાડવાનો પ્રયાસ રાતદિવસ કરવો પડે છે. ટૂંકમાં, ચિંતનમાં ઉત્કૃષ્ટતા, ચરિત્રમાં આદર્શવાદ અને વ્યવહારમાં શાલીનતાનો સમાવેશ કરવાની નિરંતર સાધના એ જ તપ તથા યોગનો આત્મા છે. આ માટે કેટલાંક કર્મકાંડો અપનાવવાથી કર્મની સાથે જ્ઞાન જોડાઈ જાય છે. આ જ તત્વજ્ઞાનનું દાર્શનિક પાસું છે.

આ યુગસંધિનો સમય છે. યુગપરિવર્તનનો સુનિશ્ચિત સમય અત્યારનો જ છે. કહેવાય છે કે એકવીસમી સદી વિનાશ, પતન અને સંકટો ભરેલી હશે, પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રની ઉચ્ચકક્ષાની શક્તિઓ આ મુશ્કેલીઓ સામે ઝઝૂમવા અને સમૃદ્ધિ તથા પ્રગતિનું વાતાવરણ બનાવવા માટે વેળાસર કામે લાગી ગઈ છે.

આગામી દિવસોમાં વિશ્વના ચિંતન તથા શક્તિઓને એક જગ્યાએ કેન્દ્રિત કરવામાં આવશે. ઝડપી વાહનોના કારણે સંસાર એક ગામ તથા એક ઘર જેવો બની ગયો છે. તેની સમસ્યાઓને એક સાથે ઉકેલવી પડશે. શીતળાના ફોડલાનો ઉપચાર મલમ લગાવવાથી નહિ, પરંતુ લોહી શુદ્ધિ કરવાથી થાય છે. સમગ્ર વિશ્વમાં વ્યાપેલી અસંખ્ય સમસ્યાઓનો હલ એક જ છે કે સમગ્ર વિશ્વને એક બનાવવામાં આવે અને તેની સામે માનવીય સમતાના સિદ્ધાંતોને જોડી દેવામાં આવે છે.

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતિ આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્બુદ્ધિ સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો. પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩ ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફૅક્સ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦ **E-Mail : yugnirman@awgp.org.**